IF Glencoe Town Council's recommendations in regard to zoning into group areas are adopted by the Minister, the zoning will be on the lines suggested by Mr. D. J. Potgieter, M.P.C on behalf of the Glencoe branch of the H.N.P., at a meeting held last month.

The suggestions were that the Indians now trading along Biggar Street between the unoccupied land in front of the Magistrate's Office to the railway booms, and from the other side of the booms to Doyle's Road should be moved to an area to the back of the positions and that the part of Bigger Street named should be a European area.

At the meeting held to announce the Council's decision on the matter, the Mayor, Mr. H. L. Carelsen, said: "As you all know, the position as outlined by Mr. Potgieter on behalf of the Nationalist Party was in the interest of all groups. He did not put the position of one race only, but considered all groups. I myself feel his setting out of the position was a fair one.

"In connection with the so-called gentleman's agreement of 1943, the position was that when the new legislation was passed by the United Party Government in 1946, the Indian community were not slow in making use of the opportunity to buy where they wished, irrespective of the agreement.

"I also say that the part of the town below the railway line is over-populated and in conflict with the health regulations. It is a position we cannot allow to continue.

"In addition, the Indians' representative at our previous meeting was careful to point out that the Indians there had not yet asked for more ground. They had said they were satisfied for the present. That is a clear pointer for us."

Mr. J. L. Botha, the ex-Mayor, said he would like to repear Dr. Donges's word that the matter of zoning areas should not be tackled hastily.

The Town Clerk, Mr. H. J. B. Stander, said that while no provision is made in the Act for compensation, he, as the person responsible for the town's finances and as a property owner, felt that there would be a bad financial depression in Glencoe if Mr. Potgieter's suggestions were carried out.

It would throw a lot of proper ties on market which could not absorb them and as the Act clearly provides for displaced groups being given the same amenities in any new area to which they may be removed, it would mean spending big sums in laying out a new area complete with roads, water and electric lights.

The properties would not find buyers and in his opinion this was the inherent weakness in the Act—it must inevitably leave in all towns black spots dotted all over the new Europeans areas.

The Council adopted the suggestions put by Mr. Potgieter at the previous meeting.—'Natal Mercury'

[See our leading article —Ed. I.O.]

## FELLOWSHIP OF RECONCILIATION ON JAPANESE TREATY

THE following statement on Japanese Treaty was unanimously adopted at the 36th annual conference of the fellowship of Reconciliation, held at Lakeside Ohio, last month.

Several hundred American citizens gathered at the 36th annual conference of the Fellowship of Reconciliation, convey to you their deep concern over certain aspects of the Peace Treaty with Japan and the projected special agreement providing for the use of Japan as a military base of the United States.

We rejoice that the state of war between Japan and our own country is being officially ended, and that the Peace Treaty is free from the punitive features which have often characterized such treaties. But recall that only a few years ago the Japanese people, with the blessing of the American Occupation authorities, wrote into their Constitution a clause for ever renouncing war and all preparation for war. For the United States now to take the initiative or to have any part in the rearmament of Japan is, we believe, a politically unwise and a morally wrong course. We are resolved to oppose this policy here at home, and we pledge our support to all those Japanese who are seeking to prevent the rearmament of their country, as they labor in the months ahead to preserve the war-renouncing clause in their Constition.

We remind our fellow-citizens that as recently as New Year's-Day 1950. General MacArthur, referring to the war-renouncing clause in their Constitution, said to the Japanese people

"A product of Japanese thought, this provision is based upon the highest of moral ideals, and yet no constitutional provision was ever more fundamentally sound and practical. . . . In this historic decision, you are the first. The opportunity therefore is yours to exemplify before mankind the soundness of this concept and the inestimable benefit resulting from the dedication of all energy and all resource to peaceful progress. In due course other nations will join you in this dedication, but meanwhile you must not falter. Have faith in my countrymen and other peoples who share the same high ideals. Above all, have faith in yourselves."

It is our prayer that the spirit of reconciliation which inspired some phases of the Peace Treaty with Japan may be courageously applied by our own and other governments to all problems, and that faith in the method of reconciliation may replace the reliance upon armed force and military alliances, which now leads us into the folly of rebuilding the Japanese military establishment, for the destruction of which so much wealth and so many lives, were expended only a few years ago.

### Opposition In Japan

A New York message states: Protesting against "the failure of the American press to give adequate news about opposition in Japan to the Peace Treaty and rearmament," the Fellowship of Reconciliation announced that it had received word from the Secretary of the Fellowship of Reconciliation in Japan of the formation of a non-Communist National Congress for the Promotion of Peace, claiming to represent three and a half million urban and rural supporters in cultural groups, labor unions, women's societies, and the left wing of the Japanese Socialist Party.

According to Rev. A. J. Muste, Secretary of Fellowship of Reconciliation, U.S.A., a petition circulated by a Nichiren Buddhist priest, Gyotsu Sato, asserting that the Japanese government's attitude in signing the Peace Treaty was contrary to that of many citizens and requesting that "all negotiations and arrangements for rearmament, leasing of military bases to foreign nations and military agreements be immediately discontinued," received over fifty thousand signatures in Japan during July and August.

"On the day the Peace Treaty was signed in San Francisco," Mr. Muste continued, "twenty thousand Japanese in Tokyo demonstrated against rearmament and for the maintenance of the war-renouncing clause in the Japanese Constitution. This was under the auspices of the non-Communist National Congress for the Promotion of Peace, whose programme includes opposition to rearmament and to the use of Japan as a military base by any nation; maintenance of the Constitution; neutrality and an over-all treaty with all former belligerent countries, including China and Russia; freedom of speech and assemblage; and rejection of all acts of violence and war." The Congress is building an organization in every prefecture in Japan.

**HINDU DHARMA**
By— M. K. Gandhi
Price 10/-
*To be had from:*
'INDIAN OPINION,'
P. Bag, Phoenix, Natal.

## DIVALI GREETING CARDS

Now available at our office.

Mixed selection of the best
At 7/- per dozen.

If names are required to be printed
4/- extra.

Order early and be sure to get your Cards in time.

**'Indian Opinion,'**
**P. Bag, Phoenix, Natal.**

## MR. NEHRU'S TRIBUTE TO MAHATMA GANDHI

ADDRESSING a public meeting in Delhi on the occasion of Mahatma Gandhi's birthday Anniversary on October 2 Prime Minister Mr. Nehru appealed to people to follow Mahatmaji's message of peace and non-violence. Mahatma Gandhi, Mr. Nehru said, truly symbolized in body and flesh all that was great and mightly in the 5000 year old civilization of India. He possessed "the essence of India's spiritual power." It was his guidance which gave strength to India for he fought mercilessly against all that helped to dismember the country, disunite people and perpetrate old antediluvian ideas. Warning people against "unscrupulous elements" which were spreading the poison of communalism to suit their own ends, Mr. Nehru stated, that no quarter would be given to them. As far as he was concerned he would fight communalism till the last breath of his life both inside and if need be outside the Government. Mr. Nehru said the main issue before the country did not primarily relate to what relationship India should have with Pakistan or Kashmir. The main issue was how the burden of poverty and unemployment could be lifted from the shoulders of millions of people of the country. That could be achieved only by hard persistent work and by always keeping uppermost in mind the high principles taught by Mahatma Gandhi. Referring to Government's plans for abolition of landlordism Mr. Nehru regretted that the Government of India could not completely abolish Zamindari during the last four years and said that legal difficulties were mainly responsible for this delay. The Government of India, however, was committed to abolition of all kinds of landlordism and would not budge an inch from that stand. Concluding Mr. Nehru said that he had accepted the presidentship of the congress because circumstances had forced him to do so. He would work with zeal as congress president and endeavour to make the congress a live organisation once again.

### Paris Pays Tribute To Gandhiji

Mahatma Gandhi's birthday was celebrated by the Indian Embassy in Paris. Indian Ambassador and Mr. Maurice Schumann, French Secretary of State for Foreign Affairs, addressed the audience composed of Indian residents, friends of India and French officials. Paying homage to Mahatma Gandhi on behalf of the French Government and people of France Mr. Schumann emphasied that Gandhiji made possible the union of East and West and must therefore be considered as a symbol of Eurasian civilisation; a symbol of unity in the world. He paid tribute to Gandhiji's achievements in reconciling Hindus and Muslims. Emphasing that India was a secular state and followed principles of Gandhiji, he said, "Muslims in India are given equal rights and opportunity in the administration of the state and no disability whatsoever rests on them because of their religion.

## Things In General

### Convictions Under Group Areas Act

Eight persons—three Coloured, three Indians, and two Europeans—were convicted in the Magistrate's Court, Johannesburg, for transgressing the Group Areas Act. Sentence on the non-Europeans—found guilty of occupying premises in Bertrams Road, Bertrams (an area set aside for European occupation)—was postponed for six months provided they vacated the premises before November 30. Ezra Shumely found guilty of renting the permises, was fined £20 (or two months), of which £10 (or one month), was suspended for two years. Sentence on Hendrik Nieuwenhuis was postponed for six months provided the premises were vacated by the non-Europeans.

### Non-European Doctors

The National Health Council at its final session in East London unanimously approved a motion that all medical posts exclusively serving non-Europeans should be open to non-European doctors, including posts of district and additional district surgeons in predominantly Native areas.

### Aryan Youth Conference

The Second Aryan (Hindu) Youth Conference and Children's Gathering will be held at the Sabha Hall, 21 Carlisle Street, Durban. The Youth Conference will commence on Saturday, October 20 at 2 p.m. and the Children's Gathering on Sunday, October 21 at 10 a.m. The purpose of organising the conference and the gathering, the organisers say, is to instil into the youths and the children a love for their ancient traditional virtues, religion, culture, civilisation and language. The Youth Conference will be presided by Pandit S. Jugmohan (Vidyaratan) of Pietermaritzburg. Mr. Ramlall Mooloo of Pretoria will open the Conference.

## Social & Personal

During their visit to East Africa, Messrs Karson J. Shingadia of Umtali and Mr. Harischandra B. Oza of Livingstone. N.R. took the opportunity of visiting the office of the High Commissioner for India at Nairobi where they were well received by the staff and were accorded all the assistance and information they required. Later they were invited to tea at the residence of Shri Apa Sahib Pant's residence where they had the opportunity of meeting Mrs. and Miss Pant also Mr. Sahane, Raja Rameshwar Rao, Mr. Inamdar and other friends. On their return trip from the Highlands, they were invited to a buffet dinner at Mr. Inamdar's residence where they met quite a number of prominent Indian residents of Nairobi. After dinner the party were shown a slide show of the photographs taken by Mr. Inamdar during his Rhodesian visit.

"INDIAN AFFAIRS"
(Monthly Journal of the Indian National Congress)
News about our countrymen from all parts of the world.
Write for advertisement rates to:
The Manager "INDIAN AFFAIRS,"
7 Jantar Mantar Road,
NEW DELHI.

DHIRUBHAI P. NAIK
Insurance & General Agent
For Life, Fire, Burglary, Riot, Accident, Plate Glass, etc.
*Representative:* National Mutual Life Asso. Of Australasia, Yorkshire Insurance Co. Ltd.
Consult Us For Your Income Tax, Personal Tax, Revenue Clearance Certificate And Immigration Matters.
29e Commissioner Street, JOHANNESBURG

"GOLD MEDAL" QUALITY



High-Class
Display Counters and
Showcases, Refrigerator Counters,
Wall Units, Fish Fryers, Display Fittings, Etc.
NEW ILLUSTRATERD CATALOGUES ON APPLICATION
ASSOCIATED SHOPFITTERS LTD.
Incorporating Excelsior Shopfitters, Ltd., S.A. Shopfitters, Ltd.
Exhibit awarded Gold Medal, Rand Easter Show
104 MARSHALL ST. (facing Facom House)
Phone 33-3211/2 Johannesburg. P.O. Box 6501.

# INDIAN PARLIAMENT PASSES PRESS BILL

THE Indian parliament on October 6 passed the press bill by an overwhelming majority after 8 days of strenuous debate climaxed by a record sitting extending over 11 hours upto 11. p.m. Before parliament took up the third reading of the bill the house agreed to change the title of the bill from Press (incitement to crime) bill to Press (objectionable matter) bill. The life of the legislation was also rrestricted to two years. Among other clauses passed by the House during the second reading stage was one providing for appeals to be made to high courts against all orders of sessions judges where security was either demanded or forfeited.

Winding up the debate Home Minister Shri C. Rajagopalachari emphatically stated that the bill was not going to interfere with the freedom of elections. On the contrary "enactment of this bill in the teeth of opposition of press lords is itself a proof that we depend upon votes of people without fear or favour. We want people's votes to be given freely. If they desire them to be given to us let them be given to us. If they desire votes to be given to others let them be given to others."

The Home Minister said that he had for the first time in the history of the press law in this country made government a common complainant and given full judicial trial and appeal to the highest court of land if a party was not content with the decision given by sessions court. "I can really be proud of what I have done."

Shri Rajagopalachari also said that for the first time a full judicial trial was given from the start to finish. The fundamental claim of press associations was that there should be no separate law with regard to press. But "we will have to deal with the press even as we have to deal with cinema and as we will have to deal with any modern development with a powerful influence."

Earlier during the general debate on the press bill the Home Minister had reaffirmed that the proposed legislation was intended only against abuse of printing machines and of the constitutional right of the freedom of speech by some people for furtherance of their criminal purposes. The agitation against the bill was based on the wrong assumption that it was aimed at the press. The freedom of the press was not at all in danger. The bill sought to check only the "freedom of irresponsibility." The Minister was emphatic that no decent paper need be afraid that it would be prosecuted under the proposed legislation.

Further dealing with the general structure of the bill Shri Rajagopalachari said that the most important and fundamental charge was the fact that exclusive executive authority has been done away with and all decisions have been left to judiciary. This aspect, he said, has been deliberately belittled in the present agitation against the bill. Under the legislation Government had only the right to go to court and make complaint if serious offence was committee by any newspaper.

Minister for Information and Broadcasting Shri R R. Diwakar supporting the bill had said that it had been agreed there was enough abuse of freedom of press. That being so it could only be controlled either by the profession itself or by community or by Government or by all three together. The government was thus only doing its duty in this matter.


**R. VITHAL**

Bookkeeper, Writing up Sets of Books, Balance Sheets, Income Tax Returns. Apply:

306 Commissioner St.,
Jeppe, Johannesburg.

**Sets Of Indian Art Pictures**

By Celebrated Indian Artists

Price 8/- including postage.

'INDIAN OPINION,'
P/Bag, Phoenix, Natal.

**NEW BOOKS**

Just Arrived From India

Satyagraha
—M. K. Gandhi 12/6

Basic Education
—M. K. Gandhi 3/6

An Atheist with Gandhi
—G. Ramchandra Rao 3/

Non-Violence In Peace And War (Part II)
—M. K. Gandhi 12/6

Pilgrimage To Peace
—Pyarelal 12/6

Stray Glimpses Of Bapu
—Kaka Kalelkar 5/

*To be had from:—*

INDIAN OPINION,
Phoenix, Natal.

# Books For Sale

## Tagore's Literature

Essays, Novels, Poems and Plays

| | | |
|---|---|---|
| SACRIFICE (Novel) | 5 | 6 |
| GORA (Novel) | 9 | 0 |
| MASHI (Novel) | 5 | 0 |
| LOVER'S GIFT (Poems) | 5 | 6 |
| CHITRA (Play) | 3 | 6 |
| STRAY BIRDS (Short Poems) | 3 | 6 |
| RED OLENDERS (Play) | 4 | 0 |
| HUNGRY STONES AND OTHER STORIES | 5 | 6 |
| THE HOME AND THE WORLD (Essays) | 6 | 0 |
| GLIMPSES OF BENGAL (Esseys) | 3 | 9 |
| REMINISCENCES | 5 | 6 |
| POEMS OF KABIR | 3 | 9 |
| POST OFFICE (Play) | 2 | 6 |
| THE KING OF THE DARK CHAMBER (Play) | 5 | 0 |

*Obtainable from:*

'Indian Opinion'
P. Bag, Phoenix,
Natal.

# 'INDIAN OPINION'

(Founded By Mahatma Gandhi In 1903)

**For The Moral, political and Social Advancement Of Indians In South Africa.**

**Published Every Friday.**

## Subscription Rates

*Payable Always In Advance.*

| | | |
|---|---|---|
| Within the Union | 30s. | Annually |
| „ „ „ | 15s. 6d. | Half-yearly |
| Outside the Union | 30s. | Annually |
| „ „ „ | 15s. | Half-yearly |

Become a Subscriber and persuade your friends to do likewise.

*Apply to—*

Manager,
Indian Opinion,
Phoenix, Natal.

NEW MYSTERY COMIC SERIAL

# LESLEY SHANE




INPRA all rights reserved

To be continued.

# ઇન્ડિઅન ઓપિનિઅન

મહાત્મા ગાંધીજીના હસ્તે
સને ૧૯૦૩માં સ્થપાયું.

પુસ્તક ૪૯ મું—અંક ૪૨ શુક્રવાર તા. ૧૯ ઓકટોબર, ૧૯૫૧. છુટક નકલ પેની.૬



## "ઇન્ડિઅન ઓપિનિઅન"

શુક્રવાર ઓક્ટોબર, તા. ૧૯ ૧૯૫૧.


## આપણા નેતાઓને ચેતવણી

કોંગ્રેસની રીતોની સાથે જો કે અમે સંમત થતા નથી છતાં એટલું તો ચોકકસ માનીએ છીએ કે સિદ્ધાંતમાં જે વસ્તુ તેઓ કરી રહ્યા છે તેજ ખરી છે. ખરાં લોકશાસનમાં અને સત્ય અને ન્યાયમાં જેઓ માનનારા છે, તે સઘળાઓનું જાતી, જ્ઞાતી કે વર્ણનો ભેદ રાખ્યા સિવાય સંગઠન થવું જોઈએ એ હકીકતને વિષે બે મત હોઇ શકેજ નહિ. પરંતુ કોંગ્રેસની રીતો અમારા મત પ્રમાણે મુંર્ખાઇભરેલી છે એ રીતે ઘણા જ વધારે પડતાં દુઃખો બીન જરૂરી રીતે સહન કરવાં પડશે અને તેઓના અંકુશમાં નહિ રહી શકે તેવી અંધાધુંધી ઉભી થશે જેનો સરકાર બીન-ગોરાઓને પ્રતિકુળ થઈ પડે એ રીતે લાભ ઉઠાવશે.

આ વખત લોકોની લાગણી એઃ ઉશ્કેરી મુકવાનો નથી. તેઓના હૃદયને સ્પર્શ કરવાનો છે, અને એ ત્યારેજ થઈ શકે, જો નેતાઓ અને જેઓના હિતો સીધી રીતે જોખમમાં હોય તેવા સ્થિતિવાળા પુરૂષો અને સ્ત્રીઓ જાતે ભોગો આપતા અને દુઃખો ઉઠાવતા થઇ જાય. અમારી દૃઢ માન્યતા છે કે માચડાઓપર થી થતાં સઘળાં ભાષણો કરતાં આવા મુઠીભર શુરવીર પુરૂષો અને સ્ત્રીઓના કાર્યની અસર ઘણીજ વધારે થઇ પડશે. ત્યારે પછી લોકોમાં જુસ્સો લાવવાની જરૂર નહિ રહે. તેઓના હૃદયોજ તેઓને કાર્ય કરવાને પ્રેરશે અને પછી તેઓ નેતાઓપર તેઓને ગેરરસ્તે દોરવાનો આરોપ નહિ મુકે. કાર્ય કરવાનો વખત હવેજ છે. ગ્રૃપ એરીયાઝ એકટનો અમલ થઈ રહ્યો છે. નાટાલના તેમજ ટ્રાંસવાલના કેટલાક ભાગોમાં હીંદીઓને પોતાના મકાનો ખાલી કરી જવાની નોટીસો મળી રહી છે. અમને જણાવવામાં આવે છે કે ક્રીરસ્ટ (ટ્રાંસવાલ)માં એક મસ્જીદ પણ ખાલી કરવાની નોટીસ અપાઇ છે. આ સ્થિતિમાં કોમ અને ખાસ કરી નેતાઓ કયાં સુધી શીથીલપણે બેસી રહેશે? સરકાર તો લડાઇનાં આમંત્રણો આપી રહી છે. આપણેજ તેનો પ્રત્યુત્તર આપવામાં મંદ છીએ અને એ રીતે સરકારના હાથ મજબુત બનાવી રહ્યા છીએ.

### ઓરગનાઇઝેશન

ઓરગનાઈઝેશનની વલણ અતિ શોચનીય છે. એ વલણથી અંતે કોમનું નૈતિક, આર્થિક તેમજ આધ્યાત્મિક પતન થશે. ઓરગનાઇઝેશનના નેતાઓ કેવળ સિદ્ધાંતોની મોટી વાતો કરવામાં જ માનતા જણાય છે; તેનો અમલ કરવામાં નહિ. અમે સખેદ જોઇ રહ્યા છીએ કે જે ગ્રૃપ એરીયાઝ એકટને કોંગ્રેસની સાથે તેઓએ પણ સદંતર વખોડી કાઢયો હતો—જેને માટે તેઓને માન ઘટે છે—તેજ કાયદો અમલમાં મુકવામાં સરકારને સહકાર આપવાની તેઓ વલણ ધરાવી રહ્યા છે એટલુંજ નહિ પરંતુ હકીકતમાં સહકાર આપવા મંડી પડયા છે. દૈનિક અખબારોમાં ખબર પ્રસિદ્ધ થયા છે કે નાંટાલના નોર્ધન ડીસ્ટ્રીકટોમાં કોંગ્રેસના અને ઓરગનાઇઝેશનના અનુયાયીઓ વચ્ચે કલહો થયાં છે. આપણું ઘર સળગી રહ્યું છે તેવે વખતે આવું બને એ ખરેખર અત્યંત રંજ ઉપજાવનારૂં છે. 'નાટાલ ડેલી ન્યુઝે' સોમવારે ખબર પ્રસિદ્ધ કર્યા હતા કે ડંડીમાં નાટાલ ઇન્ડિઅન ઓરગનાઇઝેશનના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે ગ્રૃપ એરીયાઝ એકટના અમલની બાબતમાં હીંદીઓએ અવળી વલણ અખત્યાર કરવી પોસાશે નહિ અને તેઓએ પોતાના સ્થાપિત લાભોનું રક્ષણ કરી તેને ટાકવી રાખવાનો બનતો સઘળો પ્રયત્ન કરવો પડશે. તેઓનો હેતુ પ્રશંસનીય છે પરંતુ જે કાયદો તેઓને પાયમાલ કરી તેઓને ગુલામી દરજ્જે લાવી મુકવાના અર્થે જ ઘડાયેલો છે તેનો અમલ કરવામાં સરકારને સહકાર આપીને તેઓથી એ સિદ્ધ શી રીતે કરી શકાશે?

### ગરીબોની ચિંતા

એવી દલીલ કરવામાં આવશે, કે જેવી ઓરગનાઇઝેશનના નેતાઓ કરતા આવેલા છે, કે આપણા અસહકારથી ગરીબોને સહન કરવું પડશે. જે સ્થિતિ લીધેલી હોવાનો ઓરગનાઇઝેશન દાવો કરે છે એ જોતાં એ દલીલ ટકી શકતી નથી. નેતાઓને અને આપણા માલદાર ભાઇઓને પરોપકાર વૃત્તિથી જો ખરેખર લાગીજ આવતું હોય તો તેઓની ફરજ છે કે સરકારને સહકાર આપ્યા વિના પોતાનાથી બની શકે તેટલી પોતાના ગરીબ ભાઇઓની જરૂરીયાતો પોતે પુરી પાડવી જોઈએ. અથવા તો સરકારને પોતાની ઇચ્છામાં આવે ત્યાં આપણને જબરદસ્તીથી નાખવા દેવા જોઈએ. તેમ થાય તો આપણે એટલો સંતોષ તો લઇજ શકીશું કે જે વસ્તને પાપ સમજીએ છીએ તેમાં આપણે ભાગીદાર બન્યા નથી. તેવું માન ભંગ સહન કરવા કરતાં ભલે આપણું મોત થાય અથવા આ દેશમાંથી આપણને જબરદસ્તીથી કાઢી મુકવામાં આવે. રાજયની ફરજ છે કે તેણે જાતી, જ્ઞાતી કે વર્ણનો ભેદ પાડયા સિવાય સઘળા લોકોને માટે સમાન સગવડો પુરી પાડવી જોઇએ; નહિ કે વર્ષોથી સ્થાપિત થએલા લોકોને ઉખેડી કાઢવા જોઇએ. એ વસ્તુ આજે જેઓ સત્તાપર છે તેઓ ઘોંઘાટ કરનારા થોડા લોકોના ખોટા અણગમાઓને સંતોષવાને કરી રહ્યા છે. જેમનામાં સ્વમાનનું જરાયે ભાન છે તેવા લોકોને માટે એ સ્થિતિ અસહ્ય છે અને હોવી જોઈએ.

### સવળી અને અવળી વલણ

ગ્રૃપ એરીયાઝ એકટનો અમલ કરવામાં સરકારને સહકાર આપવો એજ અવળી વલણ છે. સવળી વલણ તેનો સંગઠીત રીતે સામનો કરી આપણા સઘળા આર્થિક લાભોનાજ નહિ પરંતુ જાનના પણ ભોગે તેને નકામો કરી દેવાનો પ્રયત્ન કરવામાંજ રહેલી છે. કાયદો અમલમાં ત્યારેજ મુકી શકાશે જો લાગતા વળગતા લોકો તરફથી સહકાર આપવામાં આવશે. સહકાર આપવાની જો તેઓ સાફ ના પાડશે તો તે કદી અમલમાં મુકી નહિ શકાય. ઓરગનાઈઝેશનના નેતાઓ તાત્કાળિક લાભો ભલે ગમે તે મેળવવાની આકાંક્ષા રાખતા હોય અથવા તેવા લાભોનું તેઓને વચન અપાયેલું હોય પરંતુ એટલું તેઓએ યાદ રાખવું ઘટે છે કે એવ-લાભો મેળવવા જતાં ભાવિ પ્રજા તરફથી તેઓને નામર્દ અને પ્રેમદ્રોહીનોજ [illegible]

## મરહુમ જનાબ લીયાકત અલી ખાન

પાકીસ્તાનના વડા પ્રધાન જનાબ લીયાકત અલીખાનના કરૂણ સંજોગોમાં થએલા અવસાનના ખબરથી સૌને શોક થયો છે. ઇશ્વરની ગતી અકળ છે. અને આ બનાવની પાછળ પણ ઇશ્વરનો જ હાથ છે એ વિષે અમને જરા પણ શંકા નથી. સૌએ તેમજ બેગમ લીયાકત અલીખાન અને તેમનું કુટુમ્બ જેમના ઉપર દુઃખનું વાદળ તુટી પડ્યું છે, તેઓએ દિલાસો માત્ર એટલો જ લેવાનો છે કે તેઓનું મરણ સાધારણ માણસના જેવું નથી થયું પરંતુ શહીદનું થયું છે કેમકે તેઓ પોતાના લોકોની કાશમીરના બારામાં ઉશ્કેરાયેલી લાગણીઓ શાંત પાડી રહ્યા હતા અને એ રીતે ઇશ્વરની જ સેવા બજાવી રહ્યા હતા. એવું મૃત્યુ દુર્લભ હોય છે અને ગમે તેટલું કરૂણ છતાં સુંદર છે.

મરહુમ જનાબ લીયાકત અલી ખાન તા. ૧ અકટોબર ૧૮૯૫માં પુર્વ પંજાબના કરનાલ ગામમાં જનમ્યા હતા અને મરહુમ રૂકનુદદઉદઉલ્લાહ શમશેર જંગ નવાબ રૂસ્તમ અલી ખાનના બીજા પુત્ર હતા. તેમણે અલીગઢ યુનીવર્સીટીમાં અને પાછળથી અલાહબાદની યુનીવર્સીટીમાં અભ્યાસ કર્યો હતો અને ઓકસફર્ડની એકઝેટર કાલેજમાં એમ. એ. ની ડીગ્રી મેળવી હતી. ૧૯૨૨માં લંડનના ઇનર ટેમ્પલમાં તેમણે બારીસ્ટરીની પરિક્ષા પાસ કરી હતી, અને ૧૯૨૩માં મુસ્લીમ લીગમાં જોડાયા હતા. ૧૯૩૬ માં તેઓ ઓલ-ઇન્ડિઆ મુસ્લીમ લીગના ઓનસેક્રેટરી ચુંટાયા હતા અને એ પદ ૧૯૪૭ સુધી ભોગવ્યું હતું, જ્યારે ઓલ-ઇન્ડિઅન મુસ્લીમ લીગ અને પાકીસ્તાન મુસ્લીમ લીગની સ્થાપના થઇ હતી. ૧૯૨૬ માં તેઓ યુકત પ્રાંતની ધારા સભાના સભ્ય ચુંટાયા હતા અને ૧૯૪૦ સુધી તેનાં સભ્ય રહ્યા હતા. ૧૯૪૦માં તેઓ સેન્ટ્રલ એસેમ્બલીમાં ચુંટાયા હતા. કાયદે આઝામ જનાબ જીન્નાહ સાહેબના નીકટ સમાગમમાં રહી મુસ્લીમ લીગને તેમણે હીંદના મુસ્લીમોની એક મજબુત સંસ્થા બનાવી હતી. ૧૯૪૩ના માર્ચમાં સેન્ટ્રલ એસેમ્બલીમાં મુસ્લીમ લીગ પાર્ટીના ડેપ્યુટી લીડર ચુંટાયા હતા. ૧૯૪૫ની સામાન્ય ચુંટણીમાં મુસ્લીમ લીગની મોટી જીત મોટે ભાગે તેમને જ આભારી હતી. ૧૯૪૬ માં તેઓ કાયદે આઝમ સાથે ઈંગ્લાંડ ગયા હતા જયારે હીંદ અને પાકીસ્તાનના ભાગલા પાડવાનું ઠરાવાયુ હતું. કાયદે આઝમના જમણા હાથ હોઇ તેઓ પાકીસ્તાનના પહેલા વડા પ્રધાન બન્યા હતા. ૧૯૪૭ સુધી તેમના હાથમાં પરદેશ ખાતું અને સંરક્ષણ ખાતું પણ હતું પરંતુ પાછળથી પરદેશ ખાતું તેમના હાથમાંથી સર મહમદ ઝફરૂલ્લાહ ખાને લઇ લીધું. મરહુમ પતિષ્ઠિત કેળવણીકાર પણ હોઇ આગ્રા અને અલીગઢની મુસ્લીમ યુનીવર્સીટીની એકઝેકયુટીવ કાઉન્સીલના કેટલાંક વર્ષ સુધી સભ્ય હતા. ૧૯૪૦ થી ૧૯૪૭ સુધી સાત વર્ષ તેઓ એંગ્લો–એરેબીક કોલેજના અને નયી દિલ્હીમાં સ્કુલ્સ સોસાયટીના પ્રમુખ હતા. તેઓ મુસ્લીમોના સામાજીક અને સંસ્કૃતિક જીવનમાં સક્રીય ભાગ લેતા હતા. મરહુમ જનાબ લીયાકત અલી ખાન ચુસ્ત પાકીસ્તાની હતા અને પાકીસ્તાનને મજબુત બનાવવાને ઉત્સાહથી કામ કરી હતા. કાશમીરનો સવાલ ઉપસ્થિત થયો અને હીંદ અને પાકીસ્તાન વચ્ચેનો સંબંધ તંગ બન્યો એ ઘણું કમનસીબ બન્યું.

પાકીસ્તાનના વડા પ્રધાન તરીકે મરહુમ જનાબ લીયાકત અલી ખાન સાથે કામ લેવામાં હીંદને જો કે મુશ્કેલી આવી હતી પરંતુ હવે તેમના ગયા પછી ઓછી મુશ્કેલી પડે એ ઘણું જ શંકા ભરેલુ છે. આથી તેમની ખોટ અવશ્ય જણાશેજ. એક રાજદ્વારી તરીકે મરહુમ ગમે તેવા હોય પરંતુ એક માનવી તરીકે તેઓ ઘણા ઉચ્ચ આદર્શો સેવતા હતા. જે અમલમાં મુકાતા હોય તો જરૂર દુનીયા સૌને માટે વધારે રહેવા લાયક અને સુખદાયી થઇ પડે. તેમણે કહ્યું હતું કે "સઘળી સત્તા ઇશ્વરે આપેલ એક ટ્રસ્ટ છે જેનો ઉપયોગ માનવ સેવા અર્થે કરવાનો છે કે જેથી તે જુલમ અને સ્વાર્થનું એક સાધન નહિ થઈ પડે." એક મહાન મુસ્લીમની ખોટનો શોક કરવામાં તેમજ બેગમ લીયાકત અલી ખાન અને તેમના કુટુમ્બીજનો પર તેમજ પાકીસ્તાનની પ્રજાપર આવી પડેલાં મહાન દુઃખમાં સામેલ થવામાં સઘળા હીંદીઓ હીંદ સાથે સામેલ થશે. મરહુમના રૂહને ઇશ્વર ચિરશાંતી બક્ષે અને તેમના સગાં સંબંધીઓને સબર બક્ષે.

# નોંધ અને સમાચાર

### કરૂણ વિમાની અકસ્માત

ગયા સોમવારે બપોરે કોકસ્ટાડની નજદીક પારડીબર્ગમાં સાઉથ આફ્રીકન એરવેઝનું ડેકોટા વિમાન તેના ક્રુ સાથે ૧૭ ઉતારૂઓ સાથે નાશ પામ્યાના ખબરથી સૌ કોઇને જબરો આઘાત થશે. ખરા દુઃખી તો જેઓ ગયા તેઓ નહિ પરંતુ તેઓની પાછળ રહેલા સગા સંબંધીઓ થયા છે. ઇશ્વર તેઓને ધીરજ અને હીંમત બક્ષે. આ કરૂણ બનાવપરથી પાઠ એ શીખવાનો છે કે જીંદગી શું ચીજ છે. કયારે અને કઇ રીતે ચાલી જશે તેની કોઇને ખબર નથી. તો પછી આપણે ગર્વ છોડી નમ્ર કાં ન બનીએ અને ઇશ્વરને ઓળખવાનો પ્રયત્ન કરી તેની સેવા કાં ન કરીએ. તેની સેવા એટલે તેના કાયદાને અનુસરવું અને નહિ કે મનુષ્યકૃત કાયદાને. આજે તો આપણે ઇશ્વરને વિસરી ગયા છીએ અને માનવીથી અને માનવીએ બનાવેલા કાયદાથી ડરીએ છીએ.

### 'ઇન્ડિઅન ઓપિનિઅન'ના પ્રતિનિધિ

આથી અમારા ગ્રાહકોને જાણ કરવામાં આવે છે કે શ્રી. રતીલાલ મોરારજી દેશાઇને અમારા 'ઇન્ડિઅન ઓપિનિઅન'ના પ્રતિનિધિ નીમવામાં આવ્યા છે. તેઓ આખા યુનીયનમાં અને યુનીયનની બહાર પોરચુગીઝ ઇસ્ટ આફ્રીકા રોડેશીયા વિગેરે સ્થળોએ 'ઇન્ડિઅન ઓપિનિઅન'ના લવાજમો ઉઘરાવવાનું તેમજ 'ઇન્ડિઅન ઓપિનિઅન'ને લગતું બીજું સઘળું કામ કરશે. ડરબનમાં તેમનું શીરનામું ૧૨૫ (એ) વીકટોરીઆ સ્ટ્રીટ, ફોન નંબર ૨૭૮૩૭ છે.

### જોહાનીસબર્ગ ખાતેના પ્રતિનિધી

જોહાનીસબર્ગ ખાતે અમારા પ્રતિનિધિ શ્રી. ધીરૂભાઇ નાયક, ૨૯ (એ) કમીશનર સ્ટ્રીટ જોહાનીસબર્ગ અને જીવણભાઇ ગોપાલજી, ગાંધી ભારત વિદ્યાલય, ૫૦ ફોકસ સ્ટ્રીટ છે.

### ગ્રૂપ એરીયાઝ એકટના ભંગ માટે સજા

જોહાનીસબર્ગમાં ત્રણ કલર્ડો, ત્રણ હીંદીઓને અને બે યુરોપીયનોને ગ્રૂપ એરીયાઝ એકટના ભંગને માટે સજા થઈ હતી.

બીન-યુરોપીયનો જેઓએ બરટ્રામ્સ રોડ જે યુરોપીયનોનો લતો હતો તેમાં મકાનમાં વસવાટનો ગુનો કર્યો હતો. તેમને નવેમ્બર તા. ૩૧મી પહેલાં મકાન ખાલી જાય એ શરતે સજા ૭ માસ મોકુફ રાખવામાં આવી હતી. મકાન ભાડે આપનાર ગોરાને પા. ૨૦નો દંડ અથવા બે માસની કેદની સજા થઇ હતી જેમાંથી પા. ૧૦નો દંડ અથવા એક માસની સજા બે વર્ષને માટે મોકુફ રાખવામાં આવી હતી. બીજા ગોરાને બીન-ગોરા મકાન ખાલી કરી જાય એ શરતે સજા મોકુફ રાખવામાં આવી હતી.

### અપીલ કોર્ટે રદ કરેલો ટ્રાંસપોર્ટેશન બોર્ડનો ચુકાદો

પીટ રીટીફમાં ઘણા જુના વખતથી ટેકસી ચલાવવાનો ધંધો કરતા હીંદી મી, કારા તઇયબને અરમેલોની લોકલ રોડ ટ્રાંસપોર્ટેશન બોર્ડે યુરોપીયન ઉતારૂઓને લેવાનું એકઝમ્પશન સર્ટીફીકેટ નામંજુર કર્યું હતું તેની સામે તેમણે અપીલેટ કોર્ટને અપીલ કરી હતી જેનો ચુકાદો આપતાં ચીફ જસ્ટીસે જણાવ્યું કે "અરજદારની જાતીના આધારે એકઝેમ્પશન નામંજુર કરવાનું લોકલ ટ્રાન્સપોર્ટેશન બોર્ડનું પગલું બીલકુલ ગેરવાજબી હતું. મી. તઇયબની અરજી બોર્ડે નામંજુર કરી એજ વખતે ત્રણ યુરોપીયનોની અરજી બોર્ડે મંજુર કરી હતી. બોર્ડના ચુકાદાને નેશનલ ટ્રાન્સપોર્ટ કમીશને મંજુર રાખ્યો હતો. ચીફ જસ્ટીસે કહ્યું કે મોટર કેરીયર ટ્રેન્સપોર્ટેશન એકટમાં કમીશન કે લોકલ બોર્ડને કંઇ પણ ગેરવાજબી કરવાની સત્તા આપવામાં આવી નથી.

સ્વિકારાયેલી હકીકતોપરથી કશી શક નથી કે લોકલ રોડ ટ્રેન્સપોર્ટેશન બોર્ડે ફર્સ્ટ કલાસ ટેકસી માટેના એકઝેમ્પશનની તઇયબની અરજી તે નોન યુરોપીયન હોવાના કારણેજ નામંજુર કરી હતી. તઇયબની ટેકસીની સર્વીસ સામે કંઈ પણ ફરિયાદો નહોતી. ફરિયાદમાં બોર્ડનાં પ્રમુખે જણાવ્યા મુજબ હર્ટેઝોગ નેશનલીસ્ટ પાર્ટી અને બીજી એક સંસ્થા તરફથી કાગળો આવ્યા હતા તેજ હતી જેને તઇયબની ટેકસી સર્વીસ સામે ફરિયાદો ગણી નહિ શકાય. કાગળોમાં નોન-યુરોપીયનને ફર્સ્ટ કલાસ ટેકસી માટે એકઝેમ્પશન આપવા સામે વીરોધ કરવામાં આવ્યો હતો.

પરંતુ બોર્ડે ત્રણ યુરોપીયન ટેકસીઓ હોઇ યુરોપીયનો માટે ટેકસીની પુરતી સગવડ હોવાના આધારે પોતાના ચુકાદાનો બચાવ કર્યો હતો અને જણાવ્યું હતું કે હીંદી ટેકસી વાળાએ યુરોપીયનોને લેવાનું કશું કારણ નથી.

ચીફ જસ્ટીસે કહ્યું કે આ નામંજુરી તદન ખોટી હતી. બોર્ડે તઇયબની અરજીનો બીજી અરજીઓની સાથે વીચાર કરવો જોઇતો હતો અને જેની સર્વીસ સૌથી ખરાબ હોય તેને એકઝેમ્પશન નામંજુર કરવું જોઇતું હતુ જે વસ્તુ બોર્ડે ન હોતી કરી. ત્રણ યુરોપીયન અરજદારોને વધારે અનુકુળ વર્તન બતાવવાનું કશું વાજબીપણું નહિ હોઇ બોર્ડ તેમજ કમીશનનો ચુકાદો ખર્ચ સાથે રદ કરવામાં આવે છે અને તઇયબને પીટરીટીફ ડીસ્ટ્રીકટમાં ફર્સ્ટ કલાસ ટેકસી ચલાવવા નવાં વર્ષ માટે એકઝેમ્પશન આપવા બોર્ડને હુકમ કરવામાં આવે છે.

# જનાબ લીયાકત અલીખાનનું ખુન

મંગળવારની સાંજના ઓલ ઇન્ડિઆ રેડીયોપર ખબર સંભળાયા હતા કે રાવલપીંડીમાં મુસ્લીમ લીગની સભામાં પોતે ભાષણ કરતા હતા ત્યાં કોઇએ પાકીસ્તાનના વડા પ્રધાન જનાબ લીયાકત અલીખાનને ગોળીથી ઠાર કર્યા હતા. બુધવારે સવારના અખબારોમાં વધુ વીગતો આવી હતી. વડા પ્રધાન કાશમીર અંગેની તકરાર પરથી ઉગ્ર થએલું વાતાવરણ શાંત પાડવા મુસાફરી કરી રહ્યા હતા અને રાવલપીંડી જે કાશમીરની સરહદની પાસે આવેલુ છે ત્યાં ભાષણ કરી રહ્યા હતા, ત્યાં તેમની છાતીમાં ગોળી વાગી હતી. તેમને તુરતજ લશ્કરી ઇસ્પીતાલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તાત્કાલિક શસ્ત્રક્રીયા કરવામાં આવી હતી અને લોહી આપવામાં આવ્યું હતું. ગોળી વાગ્યા બાદ થોડા કલાકે તેઓ મરણ પામ્યા. ગોળી મારનારને હજુ તો પીસ્તોલ તેના હાથમાં જ હતી ત્યાં લોકોના ટોળાંએ ત્યાં ને ત્યાંજ ખતમ કરી નાખ્યો.

ખુન કરનાર સૈયદ અકબર નામનો અફઘાની સ્તાનનો વતની હતો. મરહુમ વડા પ્રધાનનું શબ એજ રાતે કરાંચી લઇ જવામાં આવ્યું હતું અને બુધવારે દફનાવવામાં આવ્યું હતું. વડા પ્રધાન સભામાં હાજર થતાં લોકોએ તેમને તાળીઓના ઘોષથી વધાવી લીધા હતા અને હજુ તો તેઓ ભાષણ શરૂ કરવાને પોતે તઇયાર કરેલી નોંધો ગોઠવી રહ્યા હતા તેવામાં એ ગોળીબાર થયા. તેઓ પડી ગયા અને તેમના રાજદ્વારી મંત્રી અને બીજાઓ તેમની મદદે દોડી ગયા.

ખુન થયા બાદ તુરતજ પાકીસ્તાનની સરકારે પાંચથી વધુની મેદની અને હથીયાર રાખવાની બંધી કરનારો હુકમ કાઢયો હતો.

ન્યુયોર્કમાં પાકીસ્તાનના પરદેશ મંત્રી સર મહમદ ઝફરૂલ્લાહ ખાન જેઓ યુનાઇટેડ નેશન્સની સીકયોરીટી કાઉન્સીલમાં ગયેલાં પાકીસ્તાન ડલીગેશનના લીડર છે તેઓએ જણાવ્યુ કે આ ખુનના પરિણામે બારે સંકટો આવી પડશે. તેઓ કાશમીરના સવાલને અંગે ન્યુયોર્ક ગયા હતા પરંતુ તુરતજ પાછા કરાંચી જવાનો નિર્ણય કર્યો.

સર ઝફરૂલ્લાહએ કહ્યું કે આ ખુન પાકીસ્તાનને માટેજ ગંભીર આફતજનક નથી પરંતુ દુનીયાની શાંતીને માટે આફતજનક છે.

લંડનથી જણાવામ છે કે નામદાર રાજાએ દિલસોજીનો સંદેશો મોકલ્યો છે.

સીકયોરીટી કાઉન્સીલમાં યુનાઇટેડ સ્ટેટસના મુખ્ય ડેલીગેટ મી. વોરન ઓસ્ટીને પણ દીલસોજીનો સંદેશો મોકલ્યો હતો.

તેમણે જણાવ્યું હતુ કે મરહુમ વડા પ્રધાને યુનાઇટેડ નેશન્સદ્વારા શાંતીને માટે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો હતો, શાંતી ભરી મસલતોના કાર્યમાં તેમના અવસાનથી અણધાર્યો ફટકો લાગેલો છે.

વ્હાઇટ હાઉસના અધિકારીઓએ જણાવ્યું કે પ્રેસીડન્ટ ટરૂમેનને કરાંચીથી સત્તાવાર ખબર મળતાંજ પોતાનો ખેદ વ્યક્ત કરશે. તેઓએ જણાવ્યું કે આ ખબર જાણી તેઓને જબરો આઘાત થયો. જનાબ લીયાકત અલી ખાનને તેઓ એશીયાના એક અગ્રગણ્ય રાજદ્વારી ગણતા હતા અને કોમ્યુનીઝમના મજબુત વીરોધી ગણતા હતા.

ઇરાનના નાયબ વડા પ્રધાન જનાબ હુસેન ફાતેમીએ જણાવ્યું કે આ ખુન ઇરાનીઓને માટે ગમગીનીનું ખરૂં કારણ છે. પાકીસ્તાનના વડો પ્રધાન એક મીત્ર મુસ્લીમ રાજ્યના નેતા હોઇ અમારા નજીકના મીત્ર હતા.

બ્રીટીશ વડા-પ્રધાન મી એટલીએ ટોથીજ પાર્ક ઇંગ્લાંડ ખાતે ચુંટણીની સભામાં ભાષણ કરતાં જનાબ લીયાકત અલીખાનને અંજલી આપી જણાવ્યું હતું કે બ્રીટીશ કોમનવેલ્થમાં મરહુમ એક ઘણાજ વગદાર વ્યક્તિ હતા.



મરહુમ જનાબ લીયાકત અલીખાન શ્રી. નેહરૂ સાથે.

### હિંદમાં શોક —

જનાબ લીયાકત અલીખાનનું ખુન થયું તેજ સમયે નવી દિલ્હીમાં કોંગ્રેસની સભા ચાલી રહી હતી અને મરહુમના અવસાન બદલ શોકનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. હીંદના વડા પ્રધાન શ્રી. જવાહરલાલ નેહરૂએ કહ્યું કે કાશમીરનો કોયડો ઉકેલવામાં મરહુમની તેમને ઘણીજ મદદ હતી આજે હવે તેવી મદદ આપનાર પાકીસ્તાનમાં કોઇજ નહિ રહ્યું. પાકીસ્તાનના ઘડનારાઓના ઇતિહાસમાં મરહુમનું નામ અમર રહી જશે.

બુધવારે હીંદમાં શોક દિન જાહેર કરવામાં આવ્યો હતો અને સઘળા સરકારી મકાનો પર વાવટા અરધી કાઠીએ ફરકાવવામાં આવ્યા હતા.

# ગ્લેન્કોમાં ગ્રૂપ એરીયાઝ એકટનો અમલ

'નાટાલ મરકયુરી' લખે છે કે જુદી જુદી જાતીના લોકો માટે ગ્રૂપ એરીયાઓ પાડવાની ગ્લેંકો ટાઉન કાઉન્સીલની ભલામણો જો પ્રધાન સ્વિકારશે તો ગયે મહિને મળેલી એક સભામાં હર્ટઝોગ નેશનલીસ્ટ પાર્ટીની ગ્લેંકો ખાતેની બ્રાંચની વતી પ્રાંતિક કાઉન્સીલના સભ્ય મી. ડી. જે. પોટગીટરે કરેલી સુચના મુજબ અમલ પડશે.

તેમણે એવી સુચના કરી હતી કે બીગર સ્ટ્રીટના મેજીસ્ટ્રેટની ઓફીસની સામેથી લઇને રેલવેની ફાટક સુધી અને રેલવેની ફાટકની પેલી બાજુથી લઇને ડોઇલ રોડ સુધીના ભાગમાં આજે જે હીંદીઓ વેપાર કરી રહ્યા છે તેઓને એ ભાગની પાછળ કાઢવામાં આવે અને બીગર સ્ટ્રીટના એ ભાગને યુરોપીયન એરીયા કરવામાં આવે.

કાઉન્સીલનો આ નિર્ણય જાહેર કરવાને મળેલી સભામાં મેયર મી. એચ. એલ. કાર્લસને કહ્યું: "તમે સૌ જાણો છો તેમ નેશનલીસ્ટ પાર્ટીની વતી મી. પોટગીટરે દર્શાવેલી સ્થિતિ સઘળા વર્ગના લોકોને માટે લાભદાયી છે. તેમણે એકજ વર્ગને માટે સ્થિતિ રજુ કરી નહોતી પરંતુ સઘળા વર્ગોનો વિચાર કર્યો હતો. હું પોતે માનું છું કે તેમણે દર્શાવેલી સ્થિતિ વાજબી છે.

૧૯૪૩ના કહેવાતાં જેન્ટલમેન્સ એગ્રીમેન્ટના સંબંધમાં સ્થિતિ એવી હતી કે ૧૯૪૬ માં યુનાઇટેડ પાર્ટીની સરકાર તરફથી નવો કાયદો પસાર કરવામાં આવ્યો ત્યારે હીંદીઓ ઉકત અગ્રીમેન્ટ છતાં ફાવે ત્યાં પ્રોપર્ટીઓ ખરીદવા મંડી પડયા હતા.

મારે કહેવું જોઇએ કે રેલવે લાઇનની નીચેનો શહેરનો ભાગ ગીચ વસ્તીવાળો થઇ ગયો છે અને આરોગ્યના નીયમોની વિરૂદ્ધ છે. એ સ્થિતિને આપણે ચાલુ રહેવા દઇ શકતા નથી.

વધુમાં આપણી આગલી સભામાં હીંદી કોમના પ્રતિનિધિએ ખાસ ધ્યાન ખેચવાની સંભાળ લીધી હતી કે ત્યાંના હીંદીઓએ હજુ વધારે જમીનની માગ[illegible] કરેલી નથી. તેમણે જણાવ્યું [illegible] કે હમણાને માટે તેઓને સં[illegible] હતો. એ [illegible]પરથી આપણે સ[illegible] રહેવાનું છે."

માજી મેયર મી. જે. એલ. બોથાએ કહ્યું કે હું ડો. ડોંગીસના શબ્દોપર ભાર મુકવા ઇચ્છું છું કે ભાગલા પાડવાની બાબત ઉતાવળે હાથમાં લેવી નહિ જોઇએ.

ટાઉન કલાર્ક મી. એચ. જે. બી. સ્ટેન્ડરે કહ્યું કે નુકસાની આપવા સંબંધી કાયદામાં કશું જણાવવામાં આવ્યું નથી છતાં શહેરની નાણાકીય સ્થિતિની જવાબદારી ધરાવનાર અને એક પ્રોપર્ટીઓની માલીકી ધરાવનાર તરીકે મને લાગે છે કે મી. પોટગીટરની સુચનાઓ અમલમાં મુકવામાં આવશે તો આર્થિક મંદી ઘણી થવા સંભવ છે. ઘણી પ્રોપર્ટીઓ બજારમાં આવી પડશે કે જે ખપશે નહિ અને કાયદામાં એવું સ્પષ્ટ જણાવવામાં આવેલું હોઇ કે, નિર્વાસિત વર્ગોને જે કોઇ પણ નવા લત્તામાં મુકવામાં આવે ત્યાં જેવી પહેલાં હતી તેવીજ સગવડો આપવામાં આવવી જોઇએ, તો રસ્તા, પાણી અને વીજળીની બત્તીઓ સાથે નવો લત્તો સ્થાપવામાં મોટી રકમ ખરચવી પડશે.

પ્રોપર્ટીઓ ખરીદનારા કોઇ નહિ મળે અને મારા મત પ્રમાણે કાયદાની આજ મુખ્ય નબળાઇ છે કે સઘળા શહેરોમાં નવા યુરોપીયન લત્તાઓમાં કાળા ટપકાઓ અનિવાર્ય રહેશે.

કાઉન્સીલે આગલી સભામાં મી. પોટગીટરે કરેલી સુચનાઓ સ્વિકારી હતી.

[ઉપલી બાબતપર અમારો અગ્રલેખ જુઓ. અ. ઇ. ઓ.]


## આવતા વર્ષના પંચાગ

૨૦૦૮ના આવતા વર્ષના પંચાગ આવી ગયા છે.

કીંમત શી ૫. ૩.

મળવાનું ઠેકાણું આ ઓફીસ

INDIAN OPINION,
P. Bag, Phoenix.
NATAL.

# ગાંધીજીની પ્રસાદી

## ૧

## રગતપીતિયાંની દુવા

[નીચેનો લેખ તા. ૧૧મા એપ્રિલ ૧૯૦૮ના 'ઇન્ડિયન ઓપિનિઅન'ના ગુજરાતી વિભાગમાં અગ્રલેખ રૂપે આવેલો છે. તે આજે પણ એટલો જ ઉપયોગી હોઇ અહિં આપીએ છીએ.]

અંગ્રેજો રાજ્ય કરે છે તેથી જ તેઓ સુખી છે એમ નહીં માનતાં તેઓને સુખી માનવાને સારૂં બીજાં ઘણાં કારણો છે. તેઓ કેમ સુખી છે, તેઓ કેમ રાજ્ય કરે છે, તેનાં કારણો અમે કોઇ કોઇ વેળા તપાસતા આવ્યા છીએ. તેવા વિચાર કરવાનું કારણ એક રગતપીતિયાની ઇસ્પિતાલનું વર્ણન વાંચતાં અમને ફરી મળી આવ્યું છે. હીંદુસ્તાનમાં રગતપીતિયાં ઘણાં જોવામાં આવે છે. સાધારણ રીતે આપણે તેમને તરછોડી નાખીએ છીએ. તેમને આપણી પાસેથી કાઢી મુકીએ છીએ. કેટલાક આમ નથી કરતા. પણ કોઇ તેમની દવા કરે છે અથવા તેઓને સારૂ ઇસ્પિતાલ કાઢે છે એવા દાખલા આપણામાં નથી મળી આવતા. તેઓની સારવાર કરવાનું કામ તો ગોરાઓએ જ રાખ્યું જોવામાં આવે છે. હીંદુઓએ એક આખો વર્ગ રાખ્યો છે કે જેને તેઓ અડતા નથી. તેઓની ઉપર જુલમ ગુજારે છે. તેઓને ભાગ્યે જ માણસમાં ગણે છે. આ વર્ગનો બચાવ પણ ગોરાઓ કરતા જોવામાં આવે છે.

હીંદુસ્તાનમાં ચંદુકરી કરીને ગામ છે. તેમાં ખ્રિસ્તી પાદરીઓએ રગતપીતિયાંની ઇસ્પિતાલ કાઢી છે. તેમાં ગમે તે રગતપીતિયા હીંદીને દાખલ કરે છે. ઓગણીસસોની સાલ પહેલાં ગણતરી પ્રમાણે હીંદુસ્તાનમાં એક લાખ રગતપીતિયાં ઓછાં હતાં. આવાં માણસોની સારવાર કરવા હીંદુસ્તાનમાં પાદરીઓએ પચાસ ઇસ્પિતાલો સ્થાપી છે. તેમાં તેઓ એવા દરદીની સારવાર કરે છે, તેઓને કેળવણી આપે છે, તેમનાં છોકરાંઓને ઉછેરે છે, ખવાડે છે ને કપડાં આપે છે, વળી તેમને ભણાવે છે. આ બધું કામ કરવાને જુદે જુદે દેશથી ગોરાઓ પોતાનો ધંધો છોડીને આવે છે, તેઓ એમ જ માને છે કે એવું કામ તે ખરો પરમાર્થ છે. ખરૂં ખુદાઇ તે કામ છે ને તેમાં તેઓનું તથા તેઓની પ્રજાનું કલ્યાણ થાય. કેનેડાથી મિ. એન્ડરસન કરીને એક ધનાઢ્ય ગોરો તે કામ કરવા આ ઇસ્પિતાલોમાં આવ્યો છે. તેનું ખરચ કોણ ચલાવે છે? આવો સવાલ થાય તો તેનો જવાબ પણ તે જ ચોપાનિયું કે જેમાંથી અમે ઉપરની હકીકત આપી છે તે આપે છે. ખરચને સારૂ એ લોકો વિલાયતમાં ખરડો કરે છે. આપણે હીંદુસ્તાનમાંથી તેના પૈસા થોડા જ આપીએ છીએ.

આનો હેતુ શો? એ સવાલનો જવાબ પણ સીધો છે. તેઓનો વીચાર બેશક એવો છે કે એ પ્રમાણે મળેલા રોગીઓને ખ્રિસ્તી બનાવવા. પણ તેઓ ખ્રિસ્તી ન બને તો કંઇ તેઓને કાઢી મુકતા નથી. તેઓની સારવાર તો ગમે તેમ થાય તોપણ કરવી એ હેતુ તો હંમેશાં રહેલો જ છે.

આવો મહા પરમાર્થ જે પ્રજા કરે છે, ને જે પ્રજામાં આવું કામ કરવાને હજારો માણસો નીકળી પડે છે, એ પ્રજા કેમ સુખી ન થાય? એ પ્રજા કેમ રાજ્ય ન કરે?

હીંદુસ્તાનની પ્રજા જ્યાં સુધી આવો પોતાનો જ બોજો ન ઉપાડે, પોતાની જ ફરજ ન બજાવે ત્યાં લગી તે કેમ સુખી થશે? કેમ સ્વરાજ ભોગવશે? સ્વરાજ ભોગવીનેયે શો લાભ લે? ઇંગ્લંડમાં રગતપીતિયાં નથી એમ નથી; ત્યાં બીજી જરૂરો નથી એમ નથી. પણ અંગ્રેજી પ્રજા તેવા કામ ને સારૂ બીજી પ્રજા ઉપર આધાર રાખતી નથી. પોતાની ફરજ પોતે જ બજાવે છે. આપણે બીજી પ્રજાને મદદ કરવી એક બાજુએ રાખીએ, પણ આપણો જ ભાર આપણે નથી ઝીલી શકતા.

આ વીચારો કરવાની જરૂર છે. ઉપર ટપકે વીચાર કરી આપણને હક નથી આપતા તેથી અંગ્રેજો ભુંડા એમ કહી તેઓને કાઢી મુકવાનો આરંભ કરી ફતેહ માની લઇએ છીએ. પણ એમ કરીને આપણે નુકસાન કરીએ છીએ, કંઇ ફાયદો નથી કરતા; ખરૂં કારણ ભુલી જઇએ છીએ.

અંગ્રેજો રાજ કરે છે અને સુખ ભોગવે છે તેનું કારણ આવાં રગતપીતિયાંની દુવા કેમ ન હોય? આપણે દુઃખ વેઠીએ છીએ તેનું કારણ એવાંની કદુવા આપણને કેમ ન હોય?

### વધામણાં
